Kids કોર્નર

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશ્યલી તમારા માટે છે. If you have your poem, your story or a game for print અથવા તમે કોઈ એવી સિધ્ધિ મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત With photograph and biodata અહીં મોકલી આપો. આ ખૂણો બિલકુલ તમારો છે. બીજા kidsને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેન્ડ (send) કરો.
e-mail : kidscorner@gujaratmitra.in

દુનિયાના 7 એવા શહેર જ્યાં આંગળીના ટેરવે ગણી શકાય તેટલા જ લોકો

અજબ ગજબ
■ ઈશાની

શહેર વિશે વિચારતા જ આપણા મગજમાં લાખોની વસ્તી, ઊંચી ઈમારતોવાળા શહેરની છબી આવી જાય છે. પણ દુનિયામાં એવા કેટલાય શહેર છે, જ્યાંની વસ્તી ખૂબ જ ઓછી છે. જ્યાં, ભારત જેવા દેશમાં કદાચ આ શક્ય ન હોય, પણ દુનિયામાં એવા કેટલાય દેશ છે, જેની વસ્તી ખૂબ જ ઓછી છે. એક શહેર તો એવું છે, જ્યાં ફક્ત 30 લોકો જ રહે છે. આવો જાણીએ દુનિયાના સાત સૌથી ઓછી વસ્તીવાળા દેશ વિશે.

હમ નામનું એક શહેર જેટલું અનોખું છે. એટલુ જ તે વસ્તીના નામે ચોંકાવનારુ છે. 2011 સુધી તેની વસ્તી ફક્ત 30 લોકોની હતી. તેના કારણે તે ધરતી પરનું સૌથી નાનું શહેર બની ગયું હતું. આ ન ફક્ત નાનું છે પણ ખૂબ જુનૂ પણ છે. હમમાં 1102થી પહેલા દસ્તાવેજોનો ઉલ્લેખ કર્યો છે. ત્યારે તેને હમની જગ્યા ચોલમ કહેવાતું હતું. 1152માં શહેરને એક પ્રહરીદુર્ગ અને ઘંટી મળી. પોતાના લાંબા ઈતિહાસના કારણે શહેરમાં આગંતુકો માટે એક સંગ્રહાલય છે. ક્રોએશિયા આજ ગ્યાને

દુનિયાનું સૌથી નાનું શહેર માને છે.

એડમસ્ટાઉન વિશે અનોખી વાત એ છે કે તે ફક્ત પિટકેર્ન દ્વિપ સમૂહની રાજધાની છે. આ દ્વિપો પર એકમાત્ર બસ્તી છે, અને આખી વસ્તી લગભગ 50 લોકોની છે. ત્યાં કેટલાય દ્વિપ છે. પણ એડમસ્ટાઉનની બહાર અન્ય બધું જ નિર્જન છે. એડમસ્ટાઉનને આખી દુનિયામાં બીજા નંબરની સૌથી નાની રાજધાની શહેર તરીકે ઓળખવામાં આવે છે અને ત્યાં ફક્ત એક જનરલ સ્ટોર છે. જે અઠવાડીયામાં ફક્ત ત્રણ વાર ખુલે છે. પલાઉની રાજધાની, નગેરૂલમુદ દુનિયાની સૌથી ઓછી વસ્તીવાલી રાજધાનીઓમાંથી એક છે. આ વિસ્તારમાં ફક્ત 200 લોકો રહે છે. અહીં હાલમાં જ 2006માં રાજધાની બની છે. તે લગભગ 346 દ્વિપોવાળો દેશ છે. નગેરૂલમુદ શહેર દેશના સૌથી મહત્વપૂર્ણ દ્વિપ પર આવેલ છે. તેમ છતાં પણ આ ખૂબ જ અલગ છે. જ્યાં સરકારી ઈમારતો જોવા ઉપરાંત અહીં રહેવા માટે કંઈ ખાસ નથી અને કોઈ પણ પ્રકારનું પર્યટન સ્થળ નથી. પોતાની ભવ્ય બેસિલિકા માટે પ્રસિદ્ધિ વેટિકન સિટીની વસ્તી લગભગ એક હજાર લોકોની છે. એવું લાગે છે કે, તેમાં કેટલાય લોકો રહે છે, પણ જોઈને છેતરાતા નહીં આ એક સ્વતંત્ર શહેર રાજ્ય છે. જેનો આકાર ફક્ત 110 એકર છે. આ તેને ન ફક્ત સૌથી નાનું શહેર બનાવે છે, પણ ક્ષેત્રફળ અને જનસંખ્યા બંનેના હિસાબથી આખી દુનિયામાં સૌથી નાનો દેશ છે. આ દુનિયાની અમુક સૌથી પ્રસિદ્ધ કલાઓનું પણ ઘર છે. એટલા માટે આ શહેરમાં ઘણા પર્યટકો આવે છે. સાથે જ નાનો હોવા છતાં પણ વેટિકનમાં શોધવા માટે ઘણી બધી ગુપ્ત જગ્યાઓ છે.



"હળમાન શિરો ખાઈ ગયો"

એક ગામમાં એક પરિવાર હતો એમાં એક માજી પોતાના ત્રણ દીકરા વહુ સાથે રહે માજી સ્વભાવે થોડાં લોભી પ્રકૃતિના એટલે દરેક વાતે કરકસર કરે ઘરમાં રસોઈ પણ ખુબજ પ્રમાણસર અથવા ઓછી કરવાની અને મિષ્ટાન્ન તો ક્યારેય બનાવવાનું જ નહીં અને વહુઓ અનુક્રમે અઢાર, પંદર, ને સૌ થી નાની બાર વર્ષની ઉંમરની હતી વહુઓને ક્યારેક કંઈક નવું બનાવવાનું કે મિષ્ટાન્ન ખાવાનું મન થાય તો ડોશી ચોખ્ખી ના પાડે અને કહે કે લાડવા ખાજો મારા દાડા ના..! હું છું ત્યાં સુધી ખોટા ખર્ચા નહીં કરવા દઉં ને હું છું ત્યાં સુધી કરકસર તો કરવીજ પડશે બિચારી નાની વહુ હમણાંજ પરણી ને આવી હતી. વળી નાની ઉંમર એટલે નવું નવું ખાવા પીવાનો એને સૌ થી વધારે શોખ હતો. એ મનમાં વિચારતી ક્યારે સાસુ મરે ને ક્યારે લાડવા ખાવા મળે. કોઈક વાર મોટી વહુને પૂછી પણ લેતી કે ભાભી બા ક્યારે મરશે..? મોટિવહુ એને ચૂપ કરાવી દેતી એમ કહીને કે એવું ના બોલાય મારી બેન તું તો ડાહી છે ને..! બા એ જ હવે આપણી માં છે માં ને માટે એવું ના બોલીશ ક્યારેય નાની વહુને સમજણ ન પડતી કે બા ના દાડા માં લાડવા ખાવાના હોય તો મરવાનું તો પૂછવું જ પડેને...!

એમાં મેં ખોટું શું પૂછ્યું થાવાકાળ થોડા જ દિવસોમાં ડોશી માંદા પડ્યાં અને ટૂંકી બીમારી માં જ મરી ગયા ડોશી મર્યા એટલે નાની વહુ ખુબજ ખુશ હતી કે હાશ હવેતો લાડવા ખાવા મળશે એણે ધીમેથી મોટીવહુ ના કાનમાં પૂછ્યું કે ભાભી લાડવા ક્યારે બનાવશું મોટિવહુ એને એકતરફ લઈ જઈ કહ્યું જો બેન હમણાં ને હમણાં લાડવા ન બને બા ના તેરમાં ના દિવસે એટલે કે આજથી તેરમાં દિવસે તને લાડવા ખાવા મળશે નાની વહુ પગ પછાડતી ત્યાંથી જતી રહી એને તો તરતજ લાડવા ખાવા હતા સાસુના મર્યાના ચોથા દિવસે બહારગામથી બધા અંગત સ્વજનો આવવા લાગ્યા એ સાથે સાસુના બહેન એટલે કે માસીજી આવ્યા અને એ જ વખતે નાની વહુને મિષ્ટાન્ન ખાવાનું બહુ મન હોવાથી પોતે શિરો બનાવતી હતી એ વાતની મોટીને ખબર હતી વચલી એ વાતનું ધ્યાન રાખતી હતી કે કોઈને શિરાની ખબર ન પડે માસીજીને શેરીએ થી જોઈને વચલી એ મોં વાળ્યું અને રડતાં રડતાં બોલવા લાગી એ... એ.. એ.. ઘી નો ઘાડવો પટારાં માં મેલજો.. ઓ..રે..વહુ ગોળનું ભીલું શિકે ચડાવજો..ઓ..રે..વહુ આવું આવું બોલીને માસીજીને ભેટીને મોટી વહુ રડવા લાગી વચલી અને નાની વહુ બધું સમેટીને વ્યવસ્થિત રીતે મૂકી દે છે તો યે શિરાની સુગંધ છાની કેમ રહે માસીજી નાક સંકોરી સંકોરી બોલેછે આ શિરાની સુગંધ ક્યાંથી આવી નાની વહુ સમયસૂચકતા વાપરીને ઘડામાં શિરો ભરીને બેડું માથે મૂકી ને ચાલતી પકડી જતાં જતાં બોલી ભાભી હું પાણી જાઉછું તમે સામાં આવજો એમ કહીને વચલીને પણ કપડાં ધોવાનું કહીને સાથે લઈ ગઈ થોડીવારે બેસણું ઉઠ્યું એટલે મોટી વહુ માસીને કહે નદી બહુ આધી છે નાની ને બેડાં લેવરાવવા સામી જાઉં છું હમણાં આવું એમ કહીને મોટી વહુ પણ નદીએ પહોંચી નદી પાસે હનુમાનજી નું મંદિર હતું ત્યાં જઈને બધી વહુઓ બેઠી બપોરના બારેક વાગ્યા હશે એટલે મંદિરે દર્શન કરવા તો કોઈ આવે એમ નહોતું બધિ વહુઓ મંદિરમાં જઈ દરવાજા અટકાવી શિરો ખાવા લાગી ત્યાં જ નાની બોલી ખમો હમણાં ખાતા નહીં કોઈ મોટી બોલી કાં નાની કહે આ હળમાન બેઠા હોય સામે ને આપણે એકલા એકલા શિરો થોડો ખવાય એને દેવો તો જોઈએ ને વચલી કહે વાત તો સાચી છે આમ એકલાં એકલાં ન ખવાય... એમ કરીને થોડો શિરો હનુમાનજી ને ધરાવ્યો બધી વહુઓ એ વર્ષો પછી ધરાઈને ખાધું પછી બેડાં ઘસી ઘસીને ઉટક્યા કપડાં ધોયા અને બેડાં ભરીને પાછા મંદિરમાં આવ્યા બપોરના બે વાગી ગયા હતા હવે વાતો કરતા કરતા નાની વહુએ જોયું કે હનુમાનજી ને ધરેલો શિરો એમજ પડ્યો હતો એ બોલી એય હળમાન આ ખાવામાંડ શિરો રાહ કોની જુએ છે તારામાટેજ છે...! મોટિવહુએ સમજાવ્યું કે ભગવાન ને આવી રીતે ન કહેવાય હાથ જોડીને ભગવાનની માફી માંગી લે નાની વહુ માફી માંગે છે અને કહેછે જો હવે મને માફ કરી હોય તો આ શિરો તો ખાવોજ પડશે તો જ હું માનીશ કે મને તેં માફ કરી હનુમાનજી નાની વહુના ભોળપણ થી ખુશ થઈને મૂર્તિમાં વાસ કરે છે અને વહુઓ ના ગયા પછી શિરો ખાવા લાગે છે શિરો ખુબજ સ્વાદિષ્ટ બન્યો હતો હનુમાનજી ને તો બહુ ભાવ્યો પણ એટલોક શિરો હનુમાનજી ને ક્યાંથી પૂરો થાય શિરો તો ખૂટી ગયો અને સ્વાદ હજી ન છૂટ્યો એટલે હનુમાનજી નો જમણો હાથ શિરો ખાતાં ખાતાં મોં માં જ રહી ગયો અને દેવ મૂર્તિ માંથી સ્વસ્થાને ચાલ્યા ગયા બીજે દિવસે સવારે ત્યાંનો રાજા મંદિરે દર્શન કરવા માટે આવ્યા રાજાનો આ રોજનો નિયમ હતો એ રોજ સવારે હનુમાનજી ના દર્શન કરીને જ રાજકાજ ની શરૂઆત કરે હવે હનુમાનજી ની મૂર્તિમાં આવો ફેરફાર જોઈને રાજા વિસ્મય પામ્યો સાથે સાથે ચિતા પણ થવા લાગી આવું થવાનું શું કારણ હોઈ શકે એ વિચારીને રાજાએ મોટા નિમિતકો, જ્યોતિષીઓ ને બોલાવ્યા અને આવું બનવાનું કારણ પૂછ્યું બધાએ જોયું કે હનુમાનજી ની મૂર્તિનો જમણો હાથ કોળિયો જેવી મુદ્રામાં મોં માં મુકેલો હતો લોકો અનેક તર્ક વિતર્ક કરવા લાગ્યા કોઈ કહે દુકાળ પડશે, કોઈ કહે પુર આવશે, કોઈ કહે મહામારી ફેલાશે તો કોઈનું એવું કહેવું હતું કે કુદરતી આફતો આવશે એટલે જ હનુમાનજી ના મોંમા હાથ રહી ગયો છે હવે રાજા પણ ખૂબ ચિંતાતુર છે હવે આ હનુમાનજી ના મોં માં થી હાથ કાઢવો કેવી રીતે..! હવે રાજાએ આખા નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે જે હનુમાનજી ના મોં માં થી હાથ બહાર કાઢશે એને રાજ તરફથી સરપાવ મળશે મોટું ઈનામ મળશે મોં માંગ્યું ઈનામ મળશે.. આ બધું સાંભળી રહેલી ત્રણે વહુઓ સમજી ગઈ કે હનુમાનજી નો હાથ મોં માં કેમ રહ્યો ત્રણે વહુઓ દરબારમાં ગઈ ત્યાં જઈ પોતે આ હનુમાન ના મોં માં થી હાથ બહાર કાઢશે એવું બીડું ઉઠાવ્યું ઘેર જઈને નાની વહુ એ દિવસે બનાવેલો એવોજ સ્વાદિષ્ટ શિરો બનાવ્યો આ વખતે ઘણોબધો શિરો બનાવ્યો અને બધો શિરો લઈને હનુમાનજી ના મંદિરે બધાં ગયા ત્યાં જઈને લોકોને કહ્યું કે જે કોઈને દર્શન કરવા હોય એ અત્યારેજ કરી લો પછી આવતી કાલ સુધી મંદિરના દ્વાર બંધ રહેશે બધા દર્શન કરી ને ચાલ્યા ગયા બપોરનો સમય બે વાગ્યા નાની વહુએ મંદીર ના દ્વાર અટકાવ્યા અને પછી બોલી એય હળમાન લે હવે ખાવા માંડ શિરો રાહ કોની જુએ છે આ તારા માટેજ તો છે શિરો આમ કહીને પોતે મંદિર માંથી બહાર નીકળી ને દ્વાર બંધ કરી દીધા હનુમાનજી ને હવે એજ શિરાની સુગંધ આવી અને એ ફરી પાછા મૂર્તિમાં આવી વસ્યા અને શિરો ખાવા લાગ્યા આ વખતે શિરો ઘણો બનાવ્યો હતો એટલે હનુમાનજી એ તો ધરાઈને ખાધો તોય વધ્યો હવે હનુમાનજી મૂર્તિમાંથી નીકળી ને સ્વ સ્થાને ગયા અને મૂર્તિ પાછી પૂર્વવત થઈ ગઈ બીજે દિવસે બધા લોકો ની હાજરીમાં જ્યારે મંદિરના દ્વાર ખોલ્યાં ત્યારે ભગવાન એજ આશિષ આપતી મુદ્રામાં ઊભા હતા અને શિરો પણ પ્રસાદ રૂપે થોડોક જ રહ્યો હતો

આ જોઈ નાની વહુ ખુશીથી કુદી કૂદીને તાળીઓ પાડતી બોલવા લાગી હળમાન શિરો ખ ા ઈ ગયો...!

વારતા રે વારતા

Happy Birthday

જાણવા જેવું

1. નવજાત શિશુના જન્મ સમયે તેના શરીરમાં 300 જેટલા હાડકાઓ હોય છે પરંતુ પુખ્ત થતા શરીરમાં 206 હાડકાઓ રહે છે.
2. પ્રકાશની ગતિ 3 લાખ કિલોમીટર પ્રતિ સેકન્ડની હોય છે અને સૂર્યનું એક કિરણ પૃથ્વી પર આવવા માટે 8 મિનિટ અને 19 સેકન્ડ નો સમય લે છે.
3. "Earmuffs" ની શોધ 15 વર્ષના એક નાના બાળક એ કરી હતી.
4. ઇંગ્લેન્ડના અલ્નવિક કેસલમાં એક "પોઇઝન ગાર્ડન" (ઝેરીલો બગીચો) છે તેમાં અનેક છોડવા એવા છે જેને પિંજરામાં રાખીને ઉગાડવામાં આવે છે.
5. માણસની જીભમાં લગભગ 10,000 સ્વાદ પારખનારી બડ્સ હોય છે જેના દ્વારા આપણે અલગ અલગ સ્વાદ પારખી શકીએ છીએ.
6. સહરા અને આફ્રિકાના જંગલોમાં ફેનેક ફોક્સ શિયાળ જોવા મળે છે જેની લંબાઈ એક ફૂટ અને વજન એક કિલોગ્રામ જેટલો હોય છે.
7. વ્હેલ માછલીના હૃદયનું વજન 180 કિલોગ્રામ સુધી હોય છે અને તેનું કદ એટલું મોટું હોય છે કે તેની અંદર માણસ બેસી શકે.
8. કાર્ટૂનની જીભની લંબાઈ તેના શરીર કરતા બે ગણી વધારે હોય છે.
9. છીંક જો કોઈ વસ્તુ હોત તો તેની ગતિ 99 માઈલ પ્રતિ કલાક જેટલી હોત એટલે માણસ આટલી ગતિથી છીંકે છે.
10. માણસનું મગજ વાસ્તવમાં એક નરમ પદાર્થ છે અને તેની સરખામણી માખણ સાથે કરી શકાય.

કલર યૂરો



ટપકા જોડો

રસ્તો શોધો

તફાવત શોધો

શબ્દો યૂરો

શબ્દો શોધો